# સમયસર ન બદલવી બેડશીટ, એ છે એક બેડ હેબિટ!

પ્રાસંગિક

પ્રથમેશ મહેતા
feedback@bombaysamachar.com





ઘરની રોજબરોજની ઘટમાળમાં ઘણાં કાર્યો એવાં હોય છે જેને ટેકન ફોર ગ્રાન્ટેડ લેવાય છે. તેને મહત્ત્વનો વિષય ગણવાની વાત તો દૂર, વાત કરવા યોગ્ય વિષય પણ ગણાતો નથી. એટલે જ જ્યારે કોઈ તમને પૂછે કે તમે તમારી બેડશીટ કેટલા દિવસે બદલો છો? તો કદાચ તમને વિચાર આવે કે આ કેવો બાલિશ સવાલ છે? બેડશીટ કંઈ કપડાં થોડાં છે કે રોજ બદલવી પડે? એ તો જ્યારે ગંદી થાય અથવા ગંદી દેખાય ત્યારે બદલાય. ઉપરાંત ઘણાને તો એવું પણ લાગે કે આ કોઈ જાહેર ચર્ચા કરવાને લાયક વિષય નથી. પરંતુ આ એક એવી બાબત છે જે પ્રત્યેક વ્યક્તિને અસર કરે છે. બ્રિટનમાં ૨,૨૫૦ લોકોના સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે આ વિષય પર લોકો એકમત નથી. રસપ્રદ વાત એ છે કે કુંવારા પુરુષોમાંથી લગભગ અડધા પુરુષોએ કહ્યું કે તેઓ આશરે ચાર મહિના સુધી પોતાની બેડશીટ ધોતા નથી! તેની સામે ૧૨ ટકા લોકોએ કહ્યું કે જ્યારે તેમનું ધ્યાન એ તરફ જાય છે ત્યારે જ બેડશીટ ધોવા કાઢે છે. એટલે આ સમયગાળો વધુ લાંબો પણ હોઈ શકે છે. વ્યવસાયે મનોવૈજ્ઞાનિક, ન્યુરોસાયન્ટિસ્ટ અને નિદ્રા વિશેષજ્ઞ ડૉ. બ્રાઉનિંગ કહે છે કે આ સારી આદત નથી.

કુંવારા પુરુષોથી તદ્દન ઊંધું એકલી રહેતી સ્ત્રીઓનું છે. એકલી રહેતી સ્ત્રીઓ વધુ વાર બેડશીટ બદલે છે. સર્વેક્ષણના આંકડા અનુસાર આવી ૬૨ ટકા સ્ત્રીઓ દર બે અઠવાડિયે બેડશીટ ધુએ છે. જ્યારે દંપતીઓના મામલામાં આ ગાળો ત્રણ અઠવાડિયાંનો હોય છે.

વિશેષજ્ઞોના કહેવા મુજબ આપણે એકથી બે અઠવાડિયાંમાં બેડશીટ બદલી નાખવી જોઈએ. મુખ્ય કારણ તો ચોક્કસ સ્વચ્છતા જ છે. પ્રત્યેક વ્યક્તિના શરીરમાંથી પરસેવો નીકળે છે, જે બેડશીટ પર લાગે છે. ભારત જેવા ગરમ દેશમાં તો લોકોને પરસેવો વધુ થાય એ સ્વાભાવિક છે. શરીરમાંથી નીકળતો પરસેવો બેડશીટને પણ ભીની કરે છે. આવી પરસેવાથી ભીની થયેલી બેડશીટમાંથી અણગમતી દુર્ગંધ આવે છે. સારી ઊંઘ માટે આપણને ઠંડકનો અનુભવ થવો જોઈએ. તેને માટે હવાની જરૂર હોય છે. ઊંઘ દરમ્યાન માત્ર પરસેવો જ નહીં, પણ ત્વચાની મૃત કોશિકાઓ પણ છૂટી પડે છે, તે પણ આપણે વિચારવું જોઈએ. તે ઉપરાંત શરીરના માથા સહિત પ્રત્યેક અંગમાંથી વાળ ખરતા હોય છે. ઘણી વાર વાળમાં ખોડો થયેલો હોય તો તેના પાર્ટિકલ્સ પણ ખરીને બેડશીટ પર ચોંટે છે. જો બેડશીટ ધોવાયેલી ન હોય તો ત્વચાની મૃત કોશિકાઓ તેમાં વિકસિત થાય છે. વિચાર કરો, કદાચ પહેલી નજરે ન દેખાતી હોય તેવી કેટલી ગંદકી રોજ આપણી બેડશીટ પર ઉમેરાય છે.

સાંભળવામાં કદાચ ડરામણું લાગે, પણ હકીકત વધુ ખરાબ હોઈ શકે. ત્વચાની મૃત કોશિકાઓ ધનેડાં જેવા જીવો ખાય છે માટે તેમની હાજરી પણ બેડશીટ પર હોઈ શકે. આ કીડાઓથી આપણા શરીર પર ચકામાં થઈ શકે છે. એટલે જ વિશેષજ્ઞોનું કહેવું છે કે 'તમે માત્ર પરસેવો, ત્વચાની મૃત કોશિકાઓ જ નહીં, પણ ધનેડાં સાથે પણ ઊંઘી રહ્યા હોઈ શકો.'

'શિયાળામાં આપણે થોડી છૂટ લઈ શકીએ, પણ એક અઠવાડિયામાં બેડશીટ બદલવી એ આદર્શ સ્થિતિ ગણાય.' જો બેડશીટ બદલવામાં તમે બે અઠવાડિયાંથી વધુ સમય લો તો પરેશાનીની વાત છે. તેઓ કહે છે કે શિયાળામાં ભલે પરસેવો ઓછો થતો હોય, પણ મૃત કોશિકાઓ તો છૂટી પડે જ છે. સર્વેક્ષણમાં સામેલ ૧૮ ટકા લોકોના કહેવા મુજબ તેઓ રાત્રે સૂતાં પહેલાં નહાય છે એટલે બેડશીટ ગંદી થવાનો સવાલ નથી, માટે બેડશીટ બદલવાની તેમને ઉતાવળ નથી હોતી. વિશેષજ્ઞ ડૉ. બ્રાઉનિંગ કહે છે કે ઉનાળામાં હવામાં રજકણો અને પરાગકણો પણ ફેલાયેલા હોય છે. તેમના કહેવા મુજબ નિયમિતરૂપે બેડશીટ ધોવી અને બદલવી ખૂબ જરૂરી છે, કેમ કે એમ ન કરવાથી એલર્જી થવાની શક્યતા પણ છે. તેનાથી અન્ય સ્વાસ્થ્ય સંબંધિત અન્ય સમસ્યાઓ પણ પેદા થઈ શકે છે.

આ સર્વેક્ષણમાં સામેલ ૬૭ ટકા લોકો મુજબ ભૂલી જવાના કારણે તેઓ બેડશીટ નથી બદલી શકતા. ૩૫ ટકા લોકોએ કબૂલ્યું કે તેમની બેદરકારી છે અને ૨૨ ટકા લોકોનું રમૂજી કારણ છે કે તેમને કોઈ બીજી ચોખ્ખી બેડશીટ ન મળવાથી બદલતા નથી! ૩૮ ટકા લોકો તો એમ જ કહે છે કે તેઓ નથી માનતા કે બેડશીટ વારંવાર ધોવાની જરૂર હોય! આશ્ચર્યની વાત એ છે કે બહારગામ હોટેલમાં જતી વખતે રોજ બેડશીટ બદલવાનો આગ્રહ રાખનારા લોકો પોતાના ઘરમાં આટલા આળસુ છે!

ડૉ. બ્રાઉનિંગ વધુમાં કહે છે કે, 'ઊંઘવા માટે આપણો બેડરૂમ કોઈ 'અભયારણ્ય' જેવો હોવો જોઈએ. એ જગ્યા એવી અદ્‌ભુત અને આરામદાયક હોય કે આપણને આનંદનો અનુભવ થાય અથવા તો હાશકારો થાય.' તેમની પાસે એવા રોગીઓ આવે છે જે અનિદ્રાથી પીડાતા હોય છે. જો તમારી બેડશીટ નિયમિત રીતે ધોવાતી ન હોય, એ ગંદી દેખાતી હોય, તેમાં વાસ આવતી હોય, તો તમારા મનમાં એક અવ્યક્ત ધારણા બંધાય છે કે તમે આ બેડ પર સૂવા નથી માગતા. તેઓ કહે છે કે, 'આપણે પલંગ પર સૂઈએ તો આપણને શાંતિ અને આનંદ મળવો જોઈએ. સ્વચ્છ બેડશીટ આપણને શાંત અને ખુશ રાખવામાં મદદ કરે છે.' માટે બેડશીટની સ્વચ્છતાને તમારાં કપડાં જેટલું જ મહત્ત્વ આપો અને નિયમિત સ્વચ્છતા જાળવો. ■

## આ તાજમહેલ કોનો કોનો...

(પાંચમા પાનાનું ચાલુ)

પટ્ટો એવો છે જેમાં ફક્ત હિંદુઓએ જ ભારતવર્ષમાં વસવાટ કર્યો અને કોઈ મુસ્લિમો અહીં હતા નહિ. હવે બની શકે કે તાજમહેલની જમીન કોઈ હિંદુ રાજાની હોય. બની શકે કે ઇન્ડો-ઇસ્લામિક શૈલી ધરાવતા તાજમહેલનું બાંધકામ કોઈ રાજાએ કરાવ્યું હોય અને શહેનશાહે નહિ. ભારતનું ન્યાયતંત્ર શ્રદ્ધા પર નથી ચાલતું, પરંતુ પુરાવાઓ પર ચાલે છે. તો જો આટલાં વર્ષોથી તાજમહેલને લઈને કોઈ ને કોઈ શંકા ચાલતી હોય તો તેનો કાયમી નિવેડો લાવવા માટે ન્યાયપાલિકાએ પ્રયાસ કરવો જોઈએ. અમુક મંદિરના દરવાજાઓ પણ કોર્ટના ન્યાયહુકમ પછી ખોલવામાં આવ્યા છે તો પર્યટન સ્થળ એવા તાજમહેલના દરવાજા ખોલીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં ખોટું શું છે? વાત અહીં હિંદુ-મુસ્લિમની નથી, વાત અહીં સત્ય અને ન્યાયની છે.

દેશમાં ઓલરેડી ઘણી તકલીફો ચાલી રહી છે. ગરમી અને મોંઘવારી વધી રહી છે. કાશ્મીરનું ટૂરિઝમ બગડી રહ્યું છે. એવા સાથે તાજમહેલ માટે થઇને આ પ્રકારની બયાનબાજી હાસ્યાસ્પદ તો ઠરે જ છે, પણ સાથે સાથે દુઃખ પણ થાય છે કે ભારતના ભવિષ્યનું નિર્માણ કરવાનું વચન આપનારા નેતાઓ સંસદમાં બેઠાં બેઠાં નવરા નખ્ખોદ વાળે એવું કેમ કરી રહ્યા છે? હજુ કોઈને પણ દાવો કે હક્ક જતાવવો હોય તો જતાવી દો. આ તાજમહેલ માણસમાત્રનો છે, ભારતીયનો છે, દેશવિદેશના સહેલાણીઓનો છે. મોન્યુમેન્ટને મોન્યુમેન્ટ રહેવા દઈએ, તેને હિંદુ કે મુસ્લિમ ન બનાવીએ. ■

## સાહબ બાથરૂમ મેં હૈ

(પાંચમા પાનાનું ચાલુ)

### પારિવારિક નાયક



પારિવારિક નાયક એમને કહે છે કે જે આપણને અત્યંત જાણીતો લાગે છે. આપણામાંનો જ એક હોય એવું લાગે. કોઈ મહામાનવ કે પછી સુપર હ્યુમન જેવો ન લાગે. જોકે, ભારતીય ફિલ્મોનો નાયક સામાન્ય જેવો લાગતો હોય તેમ છતાં આ વાત કોઈ રીતે યોગ્ય લાગતી નથી. પારિવારિક નાયક બનવા માટે કલાકાર સારો અભિનેતા હોવો અત્યંત આવશ્યક છે. સ્વ. મોતીલાલ, સ્વ. બલરાજ સાહની, સ્વ. સંજીવ કુમાર અને અમોલ પાલેકર આવા પારિવારિક નાયકોની વ્યાખ્યામાં ફિટ બેસતા હતા.

આજે અમિતાભ બચ્ચન કે ધર્મેન્દ્ર જેવા અભિનેતાને લઈને કોઈ નિર્માતા 'છોટી સી બાત' ફિલ્મમાં ઓફિસનું કામ કરનારા ક્લાર્કની ભૂમિકામાં નાયક બનાવીને જુએ, દર્શકો થિયેટર હોલની તરફ જોશે પણ નહીં. આને માટે અમોલ પાલેકર જેવો પારિવારિક નાયક જ લેવો પડે, જેને બોસ ધમકાવી શકે. હવે અમિતાભ બચ્ચનને તેનો બોસ ધમકાવે તો દર્શકો થોડા સાંખી લેવાના છે? આવી જ રીતે અમોલ પાલેકર જો ધર્મેન્દ્ર કે અમિતાભ બચ્ચનની જેમ અમરિશ પુરીને મુક્કો મારશે તો તમને શું લાગે છે કે દર્શકો તાળી વગાડશે? ના, તે તાળી નહીં વગાડે, પોતાના કપાળ પર હાથ મારશે. ઘોડો ઘોડાની જગ્યા પર યોગ્ય લાગે છે અને ગધેડો ગધેડાની જગ્યા પર. (ક્રમશઃ)

*(શબ્દાંકનઃ વિપુલ વૈદ્ય)* ■

## મોર્નિંગ મ્યૂસિંગ

(પાંચમા પાનાનું ચાલુ)

– તમારામાં શીખવાની વૃતિ જીવતી હોય તો, સડક પર કામ કરતો મજદૂર, ઘરની સફાઈ કરવા વાળો કે રસોઈ બનાવવાવાળો પણ આપણને કશુંક ને કશુંક શીખવાડી જાય.

– આપણેને સૌથી વધુ શીખવા ત્યારે મળે જ્યારે નિષ્ફળતા મળે. સફળતા બહુ ખતરનાક ચીજ છે.

– તારીફ માણસ સામે રુકાવટનું સંકટ છે. આપણે ટીકામાંથી વધુ શીખીએ છીએ. એક જૂની કહેવત છે; જ્યાં તમારી ખરાબીઓનો ઉલ્લેખ થતો હોય ત્યાં જાવ. ત્યાં તમને તમારી વાસ્તવિક સ્થિતિથી પરિચય થશે.

– જેને તારીફ પચાવતાં આવડી ગયું, તેની પ્રગતિનો માર્ગ કોઈ રુંધી ન શકે.

– મોટા-મોટા લોકો ઉંચાઈ પર જઈને નીચે આવે છે. પહાડોમાં આપણે જોઈએ છીએ કે જેને ઉપર ચઢવું હોય તેણે ઝૂકીને (નમ્ર થઇને) ચાલવું પડે. જેને નીચે આવવું હોય તે છાતી આગળ કરીને (અહંકારથી) ઉતરે છે.

– કલાકારની અસલી કસોટી ઍવોર્ડ નથી, મંચ છે. દરેક પરફોર્મન્સ એક પ્રકારની પરીક્ષા છે. ત્યાં ન તો કોઈની સાથે હરીફાઈ છે કે ન તો પ્રેક્ષકો પર છાકો પાડી દેવાનો પ્રયાસ.

– શીખવામાં લક કે ચાન્સ ના હોય. સખત પ્રયાસ, સંપૂર્ણ એકાગ્રતા અને સમર્પણ હોય તો કશું પણ શીખી શકાય. ■

## શરદ જોશી સ્પીકિંગ

(પાંચમા પાનાનું ચાલુ)

પછી શું થશે, એની એને સમજ નથી. વાંઢા હોવાની જે સ્વાભાવિક ચમક એનામાં હતી એ છીનવાઈ ગઈ અને કુટુંબનિયોજનના ગુનાની સજાએ એના ભવિષ્યને એક જેલમાં બંધ કરી દીધો છે. એક એવી જેલ જેમાં આગળના ભાગમાં ફૂલોના કુંડાઓ છે અને પાછળના ભાગમાં ચૂલો સળગી રહ્યો છે. સુગંધ અને રોટલા વચ્ચે એનું વર્તમાન 'સેન્ડવીચ' છે!

મેં સારા સારા લોકોના લગ્ન થતાં જોયાં છે, જેમાં જે લોકો ઊંચી ઊંચી બડાઈઓ મારતા હતા, તેઓ એક દિવસ લગ્ન મંડપમાં રંગેહાથ પકડાઈ ગયા. ભગવાને પણ જ્યારે પૃથ્વી પર જન્મ લીધો, તો એ પણ ઘણા વર્ષો સુધી લગ્નનો સિક્કો જમાવતા રહ્યા.જ્યારે ધરતી પાપના વજનથી લદાય રહી હતી, ત્યારે ભગવાન રુક્મિણિનું હરણ કરવામાં એમની 'એનર્જી' વેડફી રહ્યા હતા. શું એ સમજી ન શક્યા કે શિવનું ધનુષ ઉઠાવવું એટલે કામદેવનું બાણ ખાવું? ધનુષ નહીં એમણે મુસીબત ઉઠાવી લીધી. પરંતુ બિચારા ભગવાન પણ શું કરે? એમણે મનુષ્યનો જન્મ લીધો હતો અને મનુષ્ય વિવાહશીલ પ્રાણી છે! લગ્નની બરબાદીના ચક્કરમાં પડી જ ગયા. જ્યારે ભગવાન એનાથી નહીં બચી શક્યા તો મનુષ્યની શું વિસાત? કોઈ પણ દિશામાં જઈને જુઓ, પુરુષ લગ્ન કરતો દેખાય જશે. મંડપની બહાર ઘોડાનો શણગાર થાય છે અને અંદર મુરતિયા નામનો ગધેડાનો શણગાર કરે છે! ચૌદ વરસ બનારસમાં લંગોટ બાંધીને ઋષિ મુનિઓ પાસે સંસારનું જ્ઞાન મેળવ્યું પણ બ્રહ્મચારી જેવો દરવાજામાંથી બહાર આવે છે કે કોઈક સસરાની પકડમાં તો આવી જ જાય છે. પ્રાચીનકાળમાં સસરાઓ આશ્રમની બહાર ટાંપીને જ બેઠા રહેતા કે કોઈ બ્રહ્મચારી બહાર આવે તો એને ફાંસો નાખે. બ્રહ્મચારીને એ લોકો બધુ આપે- પલંગ, ગાદલું, વાસણ, કપડાં, આભૂષણ, પૈસા અને એની ગૃહસ્થી માટે તંબુ બાંધી આપે અને પોતાની છોકરી સાથે લગ્નનાં બંધનમાં બાંધી દે. બિચારો બ્રહ્મચારી શુદ્ધ મીઠાના ગાંગડાની જેમ સંસાર સાગરમાં ડૂબી જાય છે. આજકાલ બ્રહ્મચારી વારાણસીથી નથી આવતા મસૂરી અથવા દહેરાદૂનથી આવે છે અને રિઝલ્ટ નીકળતા જ પકડી કે જકડી લેવાય છે.ટી.વી., ફ્રિજ, કાર,પંખા, ટેબલ લેમ્પ અને ફર્નિચરથી સજાવેલ રેશમી અને નાયલોનના તંબૂમાં બેસાડી એક કોમળ કમાન્ડર એને નિઃશસ્ત્ર ઘેરી લે છે જાણે કે એના પર કોઈ ટેંક અને મશીનગન સાથે આક્રમણ ન થયું હોય! મહેંદી લગાવેલા હાથથી એક સુગંધીદાર હેન્ડગ્રેનેડ ફેંકવામાં આવે છે અને એ બિચારાના અવિવાહિતનો કિલ્લો પડી જાય છે. રૂપ સુંદરીઓનું આ ગાંધીવાદી અહિંસક આક્રમણ એની કલ્પના બહારની વાત હતી. બિચારો ક્યાંયનો નથી રહેતો.

જો મારા મિત્રએ લગ્ન કરી લીધા તો એમાં આશ્ચર્ય પામવા જેવું શું? આ આમંત્રણ પત્રિકા કોઇને કોઇ દિવસ તો બનવાની જ હતીને? આને છાપવાનો ઓર્ડર વિધાતાએ આપી જ દીધો છે. બિચારો આ વસંત ઋતુમાં પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો અને અષાઢની વર્ષા સુધીમાં તો એને વાંચવા-લખવાનો છેલ્લો ઉદ્દેશ્ય શું છે, એ ખબર પડી ગઈ.

હું આમંત્રણ પત્રિકા વાંચી રહ્યો છું અને મારા કાનમાં ક્યાંક દૂરથી બેન્ડ બાજાનો અવાજ સંભળાય છે અને એમાં એક મંત્રોચ્ચાર, એક ઘોડાની હણહણાટ, છોકરીઓની ખી-ખી-ખી, એક સસરાનો શિકાર કર્યા પછી પણ રાક્ષસ જેવું નિર્દય અટ્ટહાસ્ય પણ સંભળાય છે. ઔપચારિકતાની આ ટંકશાળમાં મારા મિત્રનાં વ્યક્તિગત દુઃખની (શું ખબર દુઃખ છે પણ કે નહીં) પિપૂડી કોણ સાંભળે છે? એ કમ્બખ્તને અત્યારે શું ખબર કે એ બિચારાનું હવે શું થવા જઈ રહ્યું છે?

સાચેજ મનુષ્ય વિવાહશીલ પ્રાણી છે. શું થાય? ■

## બ્રહ્માંડ દર્શન

(દસમા પાનાનું ચાલુ)

હશે તેનો વિચાર કરતાં તે સ્પષ્ટ બને છે કે અંતરીક્ષને આપણે કેદ કરી શકીએ નહીં. આપણા પેટમાં અંતરીક્ષ છે. પેટની બહાર રૂપમાં અંતરીક્ષ છે અને તેની બહાર પણ અંતરીક્ષ છે. અંતરીક્ષને હકીકતમાં કેદ કરી શકાય નહીં. તેવી જ રીતે ગુરુત્વાકર્ષણને પણ કેદ કરી શકાય નહીં. તે લોંગ-રેન્જ ફોર્સ (Long-range force) છે. તેથી આઈન્સ્ટાઈને વિચાર્યું કે જો આપણે ગુરુત્વાકર્ષણનું વર્ણન કરવું હોય તો માત્ર દિક્-કાળના રૂપમાં જ થઈ શકે. તે જ આઇન્સ્ટાઈનનો વિસ્તૃત સાપેક્ષાવાદ (General Theory of Relativity). કેમ કે ગુરુત્વાકર્ષણ પ્રવેગ છે માટે તેનું વર્ણન કરવા યુક્લિડની ભૂમિતિનો પન્નો ટૂંકો પડે. તેનું વર્ણન યુક્લિડીએતર ભૂમિતી (Non-Euclean Geometry) જ કરી શકે. સ્થાનિક રીતે (આપણી નજીકમાં) યુક્તિડીએતર ભૂમિતી, યુક્લિડીઅન ભૂમિતિ બની જાય. માટે જ આપણી આજુબાજુ પૃથ્વી આપણને સપાટ દેખાય છે તે તેનું સ્થાનિક દર્શન (Local View) છે.

અંતરીક્ષમાંથી જોઈએ તો તે ગોળો છે, સપાટ થાળી નથી, સપાટ તકતી નથી. રેલના પાટા આપણે ઊભા હોઈએ ત્યાં સમાંતર દેખાય પણ દૂર દૂર ક્ષિતિજ પાસે જોઈએ તો તે મળતાં લાગે. કારણ કે પૃથ્વીનો ગોળો યુક્લિડીએતર ભૂમિતિ અનુસરે છે.

પૃથ્વીના ગોળા પર ગમે તે બે રેખાંશવૃત્તો એકબીજાને સમાંતર હોય છે પણ તે ધ્રુવબિન્દુએ મળે છે. કોઈ પણ બે રેખાંશવૃત્તો વિષુવવૃત્ત કે કોઈ પણ અક્ષાંશવૃત્તને લંબ હોય છે. માટે ત્યાં બનતા ત્રિકોણના ત્રામ ખૂણાનો સરવાળો ૧૮૦ અંશથી વધારે હોય છે. પણ જેમ જેમ આપણે એ ત્રિકોણને ધ્રુવબિન્દુ તરફ લઈ જઈએ અને છે કે ધ્રુવબિન્દુની પાસે તે સ્થાનિક ત્રિકોણ બને સ્થાનિક યુક્લિડની ભૂમિતિ અને આવા ત્રિકોણના ત્રણેય ખૂણાનો સરવાળો ૧૮૦ બને. નોન-યુક્લિડીઅન ભૂમિતિ સ્થાનિક રીતે (Locally) યુક્લિડીઅન છે. આઇન્સ્ટાઈનને શા માટે વિસ્તૃત સાપેક્ષ બાદ લાવવો પડ્યો? કારણ કે પ્રબળ ગતિ અને પ્રબળ ગુરુત્વાકર્ષણ માટે ન્યુટનનું ડાયનામિક્સ સાચા પરિણામો આપતું નથી, પણ સામાન્ય ગતિ (એક સેકન્ડની દોઢ લાખ કિ.મી. કે તેથી ઓછી) અને સામાન્ય ગુરુત્વાકર્ષણ માટે ન્યુટનનું ડાયનામિક્સ બરાબર પરિણામો આપે છે. આમ આઈન્સ્ટાઈનનું ગતિશાસ્ત્ર સામાન્ય ગતિ અને સામાન્ય ગુરુત્વાકર્ષણ હોય તો ન્યુટનની ડાયનામિક્સ બને છે.

આઈન્સ્ટાઈનને ન્યુટનને ખોટો નથી પાડ્યો, તેને ન્યુટનના ડાયનામિક્સને માત્ર વિસ્તૃત કર્યું છે. નોન-યુક્લિડીઅન ભૂમિતિએ, યુક્લિડની ભૂમિતિને ખોટી નથી પાડી પણ તેને બધી જ જાતના આકારો અને અંતરીક્ષ માટે વિસ્તૃત કરી છે. સ્થાનિક રીતે (Locally)નોન-યુક્લિડીઅન ભૂમિતિ, યુક્લિડીઅન ભૂમિતિ છે, તેમ સ્થાનિક રીતે આઈન્સ્ટાઈન ડાયનામિક્સ ન્યુટનનું ડાયનામિક્સ છે.

પંચ મહાભૂતોમાં આપણે પૃથ્વીની વાત કરતા હતા. પૃથ્વી એ પદાર્થ છે જે ઊર્જાનું ગઠન કરે છે જે અંતરીક્ષનું ગઠન છે અને આમ આપણે પંચમહાભૂતોમાં પૃથ્વી અને અંતરીક્ષ એમ બે મહાભૂતોની વાત કરી. (ક્રમશઃ) ■

## ટ્રાવેલ સ્ટોરી..

(દસમા પાનાનું ચાલુ)

મુલાયમ રેતીવાળા દરિયા કિનારે દોરી જાય જ્યાં ખુલ્લા પગે તમે કલાકો સુધી મહાલી શકો. કિનારે જ ચાર પાંચ મીટર સુધીની ઊંડાઈ હોવા છતાં તળિયું સ્પષ્ટ રીતે જોઈ શકો એટલું શુદ્ધ પાણી, પોતાનાં બાળકો સાથે ફરી એક વાર બાળક બનીને તમે અહીં રેતીનું ઘર બનાવી જુઓ, બાળકો સાથે દરિયાનાં આવન- જાવન કરતા મોજા સાથે પકડદાવ રમી જૂઓ, નર્યો આનંદ જ આનંદ માણી શકશો.

શહીદ દ્વીપની ખાસ વાત એ છે કે અહીં ઓછા લોકો અને ખૂબ જ શાંતિનો માહોલ મળી રહે છે. નાનકડાં ગામડાસમુ શહીદ દ્વીપ રામાયણનાં પાત્રો સાથે જોડાયેલું હશે એવું અહીંના સ્થળનાં નામોને જોતા કહી શકાય. પોર્ટ બ્લેરથી ફેરી મારફતે શહીદ દ્વીપ પહોંચી શકાય છે. અહીં પહોંચતા જ ભરતપુર બીચ દશ્યમાન થશે. આંખોને ગમે તેવા વાદળી રંગનું સ્વચ્છ પાણી રેતીને ભીંજવતું નજરે ચઢે અને લીલોતરી ધરાવતું મેનગ્રુવ્સ તથા આંદામાનના ગગનચુંબી વૃક્ષોનું જંગલ આંખોને શાતા આપે. અહીંના દરિયા કિનારાની ખાસ વાત એ જ છે કે અહીંના દરેક બીચ પર ખૂબ જ ગાઢ અને બારેમાસ લીલું રહેતું જંગલ હોય છે જે અહીંની નૈસર્ગિક સુંદરતામાં વધારો કરે છે. ભરતપુર બીચની આસપાસ નાના બાળકથી લઈને મોટેરા સુધી દરેક વ્યક્તિઓ પોતાને ગમતી પ્રવૃત્તિઓ કરી શકે છે. અહીં અલગ અલગ પ્રકારના વોટર સ્પોર્ટ્સ, અલગ અલગ કૅફે અને રેસ્ટૉરેન્ટ્સ, ગ્લાસબોટ જેવી પ્રવૃત્તિઓ ઉપલબ્ધ છે. દરિયાને ભીતરથી જાણવો હોય તો એના ઊંડાણ સુધી જવું પડે. અહીં વિવિધ ડાઇવ રિસોર્ટ્સ આવેલા છે જ્યાં વિવિધ સ્કૂબા ડાઇવિંગની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. છેક ૧૫ મીટર સુધીની ઊંડાઇએ આવેલ રીફ સુધી મરીનલાઈફને જોવા માટે સ્કૂબા થકી જઈ શકાય. અહીં સ્કૂબા એક્સપર્ટ્સ નાનકડી ટ્રેનિંગ પછી સહેલાઈથી તમને છેક દરિયાનાં તળિયે આવેલી રીફ સુધી લઇ જાય છે જ્યાં વિવિધ પ્રકારની કોરલ, મરીન ટર્ટલ્સ, રંગબેરંગી માછલીઓનો સમૂહ, સી સ્નેક તો વળી દરિયાઈ જીવસૃષ્ટિની અજાયબ દુનિયામાં જાણે તમે ટહેલવા નીકળ્યા હોય એ રીતે લટાર મારી શકો.

અહીં સામાન્ય રીતે ટાઈમઝોન થાઈલેન્ડના સમય આસપાસ ચાલે છે એટલે સવારે પાંચ વાગતા જ સૂર્યોદય થઇ જાય અને ધરણી સંપૂર્ણ રીતે સોનેરી રંગથી રંગાઈ જાય છે. સૂર્યોદય માટે અહીં નજીકમાં જ કાળા પથ્થર બીચ આવેલો છે, જ્યાં સમુદ્રમાંથી ક્ષિતિજ પર આવતા સૂરજને નિહાળી શકાય. એ જ રીતે સૂર્યાસ્ત પણ સાંજનાં ૫ વાગતા જ થઇ જાય છે એટલે લક્ષ્મણપુર ૧ બીચ પર સૂરજને અસ્ત થતો જોવો એક લહાવો છે. સફેદ રેતી ધરાવતા દરિયા કિનારે અસંખ્ય શંખલાઓ ધીમી ચાલે ચાલતા નજરે ચઢશે. અહીં એક તરફ સુરજ અસ્ત થતો હોય તો બીજી તરફ ચંદ્રોદય માણી શકાય. સૂર્યાસ્ત પહેલા લક્ષ્મણપુર -૨ બીચ પર ટહેલવા માટે જઈ શકાય જ્યાં વિવિધ પરવાળાઓ, રંગબેરંગી માછલીઓ, કરચલાંઓ વગેરે કિનારા પર જ રહી ગયેલા પાણીમાં જોવા મળશે. અહીં વિશાળ શિલા છે અને એના પર કુદરતી રીતે વૃક્ષો અને વનરાજી છવાઈને નેચરલ બ્રીજનું નિર્માણ થયેલું છે. આ શિલાને મહાસાગરના મોજાઓ અથડાય ત્યારે અનેરું સંગીત સર્જાય છે જે મહાસાગરની ભીષણતમ પ્રકૃતિનો પરિચય કરાવે છે. અહીં મશરુમ કોરલ, બ્રેઈન કોરલ, હર્મન ક્રેબ વેગેરે સરળતાથી જોવા મળી જાય છે.

લક્ષ્મણપુર સિવાય મને જે બીચ સહુથી વધારે ગમ્યો એ સીતાપુર બીચ છે. લાઈફ ઑફ પાઈ ફિલ્મમાં એક આઇલેન્ડ દર્શાવવામાં આવે છે અદ્દલ એ જ પ્રકારનો બીચ એટલે સીતાનગર જ્યાં પહોંચતા જ તમને તમે ખરેખર કોઈ ટાપુ પર આવી ગયા છો એવો સ્પષ્ટ અનુભવ થયા વિના ન રહે. વિશાળ ગગનચુંબી વૃક્ષોથી ઘેરાયેલું ગાઢ જંગલ અને એમાં એક માનવકેડી જેના પર સૂકા પાંદડાઓને પોતાનું આધિપત્ય જમાવેલું હોય એના પાર ચાલીને અંતે એક નાનકડાં બે વૃક્ષો વચ્ચેના કુદરતી દરવાજાને ઓળંગો કે વિશાળ મહાસાગર દસ્તક દેતો જણાય, જરાક આગળ વધો કે પોસ્ટ કાર્ડ સમો એકદમ વાદળી અને આછેરા લીલા રંગનો મહાસાગર તમારા પગ સુધી આવીને સ્પર્શીને જાય અને ફરી આવે. અહીં કોઈ પણ શિલા પર બેસો કે મહાસાગરને તમે તમારી અંદર ઘૂઘવતો અનુભવી જ શકો!

સીતાપુરમાં વિતાવેલો સમય જો હું કાયમ ઑમાટે સાચવી શકુ તો હું એ સમય હંમેશા સાચવીને ફરી ને ફરી માણવાનો પ્રયત્ન ચોક્કસ કરીશ જ. (ક્રમશઃ) ■

## સ્પેશિયલ

(દસમા પાનાનું ચાલુ)

મોડી આકાર પામશે, ત્યાં સુધી ધીરજ જોઈશે. ખાનગી મૂડીરોકાણ વધી રહ્યું છે, જાહેર રોકાણ પણ વધશે. નિકાસ માટે અવકાશ વધશે. ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવા સરકારની પ્રોત્સાહન સ્કિમ સારું પરિણામ આપશે.

ગ્રીન એનર્જી સેક્ટર નવી રોકાણ તકો ઊભી કરશે. ભારત વિવિધ દેશો સાથે વેપાર સંબંધો વધારતું જવા ઉપરાંત મજબૂત બનાવતું જાય છે. ભારતીય માર્કેટની આજે જગતના વિવિધ દેશોને પણ જરૂર છે.

### રોકાણકારો યાદ રાખે

હાલના બજારના ઘટાડાને ખરીદીની તક જરૂર માનવી, કિંતુ કોઈ ખરીદી એક ઝાટકે કરવી નહીં. આવા સમયમાં હાઈ વેલ્યૂ સ્ટોકસ અને લો ફલોટિંગ સ્ટોકસથી દૂર રહેવામાં શાણપણ રહેશે. બજારમાં હજી ઘટાડાને અવશ્ય અવકાશ દેખાતો હોવાથી મોટાભાગના રોકાણકારો એવરેજ કરતા પણ ડરે છે અને વધુ કરેકશનની રાહમાં છે, જોકે આમ કરવા કરતા દરેક મોટા કડાકામાં થોડી-થોડી ખરીદી કરતા જવી જોઈએ. હાલના સંજોગોમાં માર્કેટને કળ વળતા સમય લાગી શકે છે.

### ભારતની ગ્રોથ સ્ટોરી મજબૂત છે?

ભારત માત્ર એશિયામાં જ નહી, બલકે વિશ્વમાં બેસ્ટ ગ્રોથ સ્ટોરી ધરાવે છે. એવું વિધાન તાજેતરમાં જેફરીઝના ક્રિશ વુડે એક મિડિયા મુલાકાતમાં કહ્યું હતું. ક્રિશ વુડ ભારતના આર્થિક વિકાસ માટે આશાવાદી હોવા ઉપરાંત ઊંચો વિશ્વાસ ધરાવે છે, ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ખેલાડી તરીકે તેઓ પોતાના પોર્ટફોલિયોમાં ભારતીય કંપનીઓના સ્ટોકસને વધુ મહત્ત્વ આપે છે, જેનું વેઈટેજ ૧૪ ટકા જેટલું છે. છેલ્લાં દસ વરસથી ભારત માટે બુલિશ રહેલા ક્રિશ વુડ માને છે કે હાલ જે રીતે ફોરેન ઈન્વેસ્ટર્સની સતત આક્રમક વેચવાલી વચ્ચે ભારતના સ્થાનિક ઈન્વેસ્ટર્સ ખરીદીનો પ્રવાહ ચાલુ રાખીને સામનો કરી રહ્યાં છે તે નોંધનીય છે. જો કે તેમનું કહેવું છે કે તેઓ નિફટી ૧૪૦૦૦ પર આવશે ત્યારે તેઓ ભરપુર ખરીદી કરશે.

અલબત્ત, આમાં એક છુપી કરેકશનની ધારણા વ્યકત થાય છે. વુડના મતે ભારત માટે આ વરસ કોન્સોલિડેશનનું રહેશે, જો કે તેમાં કોઈ કડાકા-ભડાકા થવાની શકયતા નથી. બીજીબાજુ મોર્ગન સ્ટેનલીએ ભારતના વિકાસદરની ધારણા વરસ ૨૦૨૩ અને ૨૦૨૪ માટે ઘટાડી છે, તે ભારતમાં મોંઘવારીના ઊંચા દરને અને માગની અછતને મોટો પડકાર માને છે.

ક્રૂડના ઊંચા ભાવ પણ ભારત માટે બોજરૂપ છે. આમ ભારત સામે આર્થિક પડકાર વધ્યા છે, તેમછતાં આ પડકાર વચ્ચે ભારતનું અર્થતંત્ર ઝડપી રિકવરીની આશા આપવા સમર્થ બને એવા સંકેત પણ છે. સારું ચોમાસું તેમાનું એક મહત્ત્વનું પરિબળ બની શકે. ■

## કારણ-રાજકારણ

(નવમા પાનાનું ચાલુ)

ઇન્તકાલ થયા છતાં આજે પણ પોતાની સર્જન સૃષ્ટિથી ફૈઝ પ્રખર લોકશાહીવાદી તરીકે દુનિયાભરમાં જીવિત હોવાનો અહસાસ કરાવે છે.

### તિખારો

*કુત્તે*
*એ ગલિયોં કે આવારા બેકાર કુત્તે*
*કિ બખ્શા ગયા જિનકો જૌકે-ગદાઈ[1]*
*જમાને કી ફટકાર સરમાયા[2] ઇનકા*
*જહાં -ભર કી દુતકાર ઇનકી કમાઈ*
*ન આરામ શબ કો ન રાહત સબેરે*
*ગલાજત મેં[3] ઘર, નાલિયોં મેં બસેરે*
*જો બિગડેં તો ઇક દૂસરે સે લડા દો*
*જરા એક રોટી કા ટુકડા દિખા દો*
*યે હર એક કી ઠોકરેં ખાને વાલે*
*યે ફાકોં સે ઉકતા કે મર જાને વાલે*
*યે મજલૂમ મખલૂક[4] ગર સર ઉઠાયે*
*તો ઇન્સાન સબ સરકશી[5] ભૂલ જાયે*
*યે ચાહેં તો દુનિયા કો અપના બના લેં*
*યે આકાઓં કી[6] હડ્ડિયોં તક ચબા લેં*
*કોઈ ઇનકો એહસાસે-જિલ્લત[7] દિલા દે*
*કોઈ ઇનકી સોઈ હુઈ દુમ હિલા દે*
*ફૈઝ અહમદ ફૈઝ*

----

૧.ભીખ માગવાની રુચિ ૨. નિધિ ૩. ગંદકીમાં ૪. જનતા ૫.ઘમંડ ૬.માલિકોની ૭.અપમાનની અનુભૂતિ. ■